# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 13-07-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

******************************************************

1. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ વરિષ્ઠ ધારાશાસ્ત્રી ઉજ્જવલ નિકમ અને ભૂતપૂર્વ વિદેશ સચિવ હર્ષવર્ધન શ્રીંગલા સહિત ચાર વ્યક્તિઓને રાજ્યસભામાં નામાંકિત કર્યા.
2. વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે સિંગાપોરના વિદેશમંત્રી વિવિયન બાલકૃષ્ણન સાથે મુલાકાત કરી.
3. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પહેલી ઓગસ્ટથી મેક્સિકો અને યુરોપિયન યુનિયનમાંથી થતી આયાત પર 30 ટકા ટેરિફ લાદી.
4. ઉત્તર કોરિયાના નેતા કિમ જોંગ-ઉને યુક્રેન સામેના યુદ્ધમાં રશિયાને બીન શરતી ટેકો જાહેર કર્યો.
5. વિમ્બલ્ડનમાં, આજે પુરુષ સિંગલ્સ ફાઇનલમાં જેન્નિર સિનરનો સામનો કાર્લોસ અલ્કારાઝ સામે થશે.

.....................................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# PREZ NOMINATION

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ પ્રખ્યાત વરિષ્ઠ ધારાશાસ્ત્રી ઉજ્જવલ દેવરાવ નિકમ, સામાજિક કાર્યકર્તા સી. સદાનંદન માસ્ટર, ભૂતપૂર્વ વિદેશ સચિવ હર્ષવર્ધન શ્રીંગલા અને ઇતિહાસકાર તથા શિક્ષણવિદ ડૉ. મીનાક્ષી જૈનને રાજ્યસભામાં નામાંકિત કર્યા છે. ગૃહ મંત્રાલયે એક જાહેરનામામાં આ નિર્ણયની માહિતી આપી છે. શ્રી નિકમે મુંબઈ આતંકવાદી હુમલાના કેસમાં સરકારી વકીલ તરીકે સેવા આપી છે.

કેરળના સી. સદાનંદન શિક્ષણ ક્ષેત્રમાં લાંબી કારકિર્દી ધરાવે છે. તેઓ રાજકીય હિંસાનો ભોગ બન્યા છે અને તેમના બંને પગ ગુમાવી દીધા છે. શ્રી શ્રીંગલાએ અમેરિકા, બાંગ્લાદેશ અને થાઇલેન્ડમાં રાજદૂત તરીકે પણ સેવા આપી છે. ડૉ. જૈને ગાર્ગી કોલેજ , દિલ્હી યુનિવર્સિટીમાં ઇતિહાસના આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે સેવા આપી છે.

રાષ્ટ્રપતિ કલા, સાહિત્ય, વિજ્ઞાન અને સામાજિક સેવાઓમાં તેમના યોગદાન માટે સંસદના ઉપલા ગૃહમાં 12 વ્યક્તિઓને નામાંકિત કરે છે. પ્રધાનમંત્રીએ નિયુક્ત ચાર સભ્યોને શુભકામના પાઠવી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# JAISHANKAR SINGAPORE

સિંગાપોરની મુલાકાતે ગયેલા વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે આજે તેમના સિંગાપોરના સમકક્ષ વિવિયન બાલકૃષ્ણન સાથે મુલાકાત કરી હતી. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં ડૉ. જયશંકરે કહ્યું હતું કે , સિંગાપોર ભારતની એક્ટ ઇસ્ટ પોલિસીના કેન્દ્રમાં છે.

વિદેશ મંત્રી આજે ટેમાસેક હોલ્ડિંગ્સના નિયુક્ત અધ્યક્ષ ટીઓ ચી હેનને પણ મળ્યા હતા. ડૉ. જયશંકરે તેમની સાથે ભારતમાં ચાલી રહેલા પરિવર્તન અને તેની રોકાણની તકો અંગે ચર્ચા કરી હતી.

સિંગાપોરની મુલાકાત બાદ વિદેશ મંત્રી શાંઘાઇ સહકાર સંગઠન- **SCO**નાં વિદેશ મંત્રીઓની પરિષદની બેઠકમાં ભાગ લેવા માટે ચીનમાં તિયાનજિન પહોંચશે. તેઓ દ્વિપક્ષીય બેઠક પણ યોજશે.

. . . . . . . . . . . . . . . . . . . . .

## US-EU TARIFF

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે 1 ઓગસ્ટથી મેક્સિકો અને યુરોપિયન યુનિયનમાંથી થતી આયાત પર 30 ટકા ટેરિફ લાદી છે. ટ્રુથ સોશિયલ પર પોસ્ટ કરેલાં અલગ પત્રોમાં આ ટેરિફની જાહેરાત કરાઈ છે.

યુરોપિયન યુનિયનને લખેલા પત્રમાં શ્રી ટ્રમ્પે કહ્યું હતું કે અમેરિકાની વેપાર ખાધ રાષ્ટ્રીય સુરક્ષા માટે ખતરો છે. મુખ્ય વેપારી સાથીઓ સાથેની વાટાઘાટો વધુ વ્યાપક વેપાર સોદો કરવામાં નિષ્ફળતાનાં એક સપ્તાહ પછી આ જાહેરાત કરવામાં આવી હતી. અમેરિકાના સૌથી મોટા વેપારી ભાગીદાર, 27 સભ્યોનાં યુરોપિયન યુનિયને આ સપ્તાહનાં પ્રારંભમાં કહ્યું હતું કે તે 1 ઓગસ્ટ પહેલાં વોશિંગ્ટન સાથે સોદો થવાની આશા રાખે છે.

યુરોપિયન યુનિયનનાં નેતાઓએ અમેરિકાનાં આ નિર્ણયની ટીકા કરી છે. યુરોપિયન કાઉન્સિલના પ્રમુખ એન્ટોનિયો કોસ્ટાએ જણાવ્યું કે, ટેરિફ એ કરવેરાનું કામ કરે છે જેનાંથી ફુગાવો વધે છે અને વિકાસ અવરોધાય છે.

---------

# HIMACHA RAIN

હિમાચલ પ્રદેશમાં વિવિધ ભાગોમાં ભારે વરસાદ પડી રહ્યો છે. હવામાન વિભાગે **18**મી જુલાઈ સુધી રાજ્યભરમાં ખરાબ હવામાનની આગાહી કરી છે. હવામાન વિભાગ, શિમલા મંડી, સોલન અને સિરમૌર જિલ્લામાં આજે ભારે વરસાદ માટે યલો એલર્ટ જાહેર કર્યું છે, જ્યારે આવતી કાલે ઉના, મંડી, શિમલા, સોલન અને સિરમૌર માટે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

પ્રસ્તુત છે અમારા સંવાદદાતાનો અહેવાલઃ

## (VOICE CAST RITESH KAPOOR)

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

**(ગોન્ગ મ્યુઝિક)**

**. . . . . . . . . . . . .**

# NK- RUSSIA SUPPORT

ઉત્તર કોરિયાના નેતા કિમ જોંગ-ઉને યુક્રેન સામેના યુદ્ધમાં રશિયાની કાર્યવાહી માટે પ્યોંગયાંગના "બિનશરતી સમર્થન" ની પુષ્ટિ કરી છે અને કહ્યું છે કે બંને દેશો તમામ મુખ્ય વ્યૂહાત્મક બાબતો પર સમાન મંતવ્યો ધરાવે છે. કિમે રશિયાના વિદેશ મંત્રી સર્ગેઈ લાવરોવની ઉત્તર કોરિયાની ત્રણ દિવસીય મુલાકાતના ભાગરૂપે વોનસનમાં યોજેલી બેઠક દરમિયાન આ નિવેદન આપ્યું હતું.

લાવરોવે ગઠબંધનની પ્રશંસા કરી અને ઉત્તર કોરિયાના લશ્કરી સમર્થન માટે કિમનો આભાર માન્યો હતો.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# FRANCE- CALEDONIA

દક્ષિણ પેસિફિક મહાસાગરનું ન્યુ કેલેડોનિયા , ફ્રાન્સનું નવું રાજ્ય બનશે. ગઈકાલે પેરિસમાં થયેલા કરાર મુજબ , ન્યુ કેલેડોનિયાના નાગરિકોને પણ ફ્રેન્ચ નાગરિકતા આપવામાં આવશે. આ કરારમાં એક આર્થિક અને નાણાકીય પુનઃપ્રાપ્તિ કરારની પણ માંગ કરવામાં આવી છે.

ફ્રેન્ચ રાષ્ટ્રપ્રમુખ ઇમેન્યુઅલ મેક્રોં દ્વારા ઐતિહાસિક ગણાવાયેલા કરારને હજુ ન્યૂ કેલેડોનિયામાં અંતિમ મંજૂરીની મળી નથી. આ કરાર પર ફેબ્રુઆરીમાં ન્યૂ કેલેડોનિયના નાગરિકો દ્વારા મતદાન થઈ શકે છે. ઉલ્લેખનીય છે કે , ન્યૂ કેલેડોનિયામાં છેલ્લો સ્વતંત્રતા લોકમત **2021**માં યોજાયો હતો.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# TEST CRICKET

ક્રિકેટમાં, યજમાન ઇંગ્લેન્ડ આજે લોર્ડ્સ ખાતે એન્ડરસન-તેંડુલકર ટ્રોફીની ત્રીજી ટેસ્ટના ચોથા દિવસે ભારત સામે તેની બીજી ઇનિંગ ફરી શરૂ કરશે.

ભારતે વિદેશમાં રમાયેલી ટેસ્ટ શ્રેણીમાં સૌથી વધુ છગ્ગા ફટકારવાનો નવો વિશ્વ વિક્રમ પણ સ્થાપિત કર્યો હતો. ભારતે આ શ્રેણીમાં અત્યાર સુધીમાં 36 છગ્ગા ફટકારીને વેસ્ટ ઈન્ડિઝ દ્વારા ભારત સામે 1974-75 માં સ્થાપિત 32 છગ્ગાઓનો વિક્રમ તોડ્યો છે.

આ મેચ ભારતીય સમય અનુસાર બપોરે સાડા ત્રણ કલાકે શરૂ થશે. પાંચ મેચની ટેસ્ટ શ્રેણી હાલમાં 1-1ની બરાબરી પર છે.

વિમ્બલ્ડન પુરુષ સિંગલ્સ સ્પર્ધામાં આજે વિશ્વનાં નંબર વન ખેલાડી જેન્નિર સિનરનો સામનો સ્પેનના બીજા ક્રમાંકિત કાર્લોસ અલ્કારાઝ સામે થશે. આ મેચ ભારતીય સમય અનુસાર રાત્રે 8:30 વાગ્યે શરૂ થશે.

પ્રસ્તૃત છે અમારા સંવાદદાતાનો એક અહેવાલ.

**(વોઈસ કાસ્ટ – જાગૃતિ)**

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# FOOTBALL- FIFA CLUB WORLD CLUB

ફૂટબોલમાં, ચેલ્સિયા આજે રાત્રે અમેરિકાનાં ન્યૂ જર્સીના મેટલાઇફ સ્ટેડિયમમાં ફિફા ક્લબ વર્લ્ડ કપ **2025**ની ફાઇનલમાં પેરિસ સેન્ટ-જર્મેન સામે ટકરાશે. મેચ રાત્રે 12 વાગીને 30 મિનિટે શરૂ થશે. બંને ટીમો અગાઉ **UEFA** ચેમ્પિયન્સ લીગમાં ટકરાઈ ચૂકી છે, પણ ક્લબ વર્લ્ડ કપ તબક્કામાં તેમનો આ પ્રથમ મુકાબલો છે.

બે વખતની યુરોપિયન ચેમ્પિયન ચેલ્સિયાએ **2021**માં ફિફા ક્લબ વર્લ્ડ કપ જીત્યો હતો અને **2012**માં રનર અપ રહી હતી.

---

શૂટિંગમાં, નેશનલ ગેમ્સ ચેમ્પિયન નીરુ ઢાંડા આજે ઇટલીના લોનાટોમાં શોટગન વર્લ્ડ કપના અંતિમ તબક્કામાં મહિલા ટ્રેપ ઇવેન્ટમાં ચોથા સ્થાને આવ્યા છે. આ સાથે તેઓ પ્રથમ વાર **ISSF** વર્લ્ડ કપની ફાઇનલમાં પહોંચ્યા છે.

. . . . . . . . . . . . . . . . . . . .

# IRAN FM- NUCLEAR TALKS

ઈરાનના વિદેશમંત્રી સઈદ અબ્બાસ અરાઘચીએ કહ્યું કે , ઈરાન ભૂતકાળમાં પણ તેના પરમાણુ કાર્યક્રમ પર વાટાઘાટો માટે તૈયાર હતું અને ભવિષ્યમાં પણ તૈયાર જ હશે. ગઈકાલે રાજદૂતો અને પ્રતિનિધિઓ સાથેની બેઠકમાં તેમણે જણાવ્યું કે, જો વાટાઘાટો ફરી શરૂ થાય તો અમેરિકા અથવા તેના સાથી દેશો ઈરાન પર યુદ્ધ લાદશે નહીં તેની ખાતરી મળવી જોઇએ.

શ્રી અરાઘચીએ કહ્યું , ઈઝરાયલ-ઈરાન યુદ્ધે સાબિત કર્યું છે કે કોઈપણ બાબતનું નિવારણ વાતચીત દ્વારા થઈ શકે છે. તેમણે કહ્યું હતું કે, ઇરાન અને તેની પરમાણુ સુવિધાઓ પર હુમલો કરવામાં અમેરીકાએ ઈઝરાયલને મદદ કરીને રાજદ્વારિતા અને મંત્રણા સાથે દગો કર્યો હતો. તેમણે ઉમેર્યું કે , આ વાટાઘાટોમાં સ્થાનિક યુરેનિયમ સમૃધ્ધિકરણ સહિતનાં ઇરાની લોકોનાં પરમાણુ અધિકારોનું સન્માન જાળવવું જોઇએ.

. . . . . . . . . . . . . . . . . . . . . .